

# રામભક્ત




वर्ष : २०, - अंक संख्या : १ - सलंग अंक : २१४
वि.सं. : २०८१ पौष - दिनांक : १०-०१-२०२५




## મહાકુંભ મેળો ૨૦૨૫



પ.પૂ.જગદ્‌ગુરૂશ્રી રામાનંદાચાર્યજી મહારાજની

પ.પૂ.શ્રી બજરંગદાસબાપાની




**શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)**

સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫

E-mail : rambhakt.svkd@gmail.com

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા. ૧૫,૧૧૧/- નું તિથિ દાન કારિયાણી



સાકેતવાસી પ.પૂ. શ્રી ઈશ્વરદાસબાપુ પીપાવત
સ્વ.તા.૦૭/૧૨/૨૦૨૪, શનિવાર

મૂળ ગામ ઝમરાળા અને (હાલ કારિયાણી) રહેતા પ.પૂ.શ્રી ઈશ્વરદાસબાપુ શિવરામદાસબાપુ પીપાવત (ઉ.વ. ૯૦ વર્ષ) નિવૃત આચાર્યશ્રી કારીયાણી પ્રા.શાળાનુ સં.૨૦૮૧ માગશર સુદ-૬ (છઠ્ઠ) ને શનિવાર તા.૦૭/૧૨/૨૦૨૪નાં રોજ સાંજે સાકેતગમન થતાં તેમના આત્માના કલ્યાણ અર્થે તા.૧૯/૧૨/૨૦૨૪ ને ગુરુવારના રોજ આદર્શ ભદ્રોત્સવનું આયોજન કરવામાં આવેલલ નામી-અનામી સંતો-મહંતો પધારી ધર્મલાભ સાથે શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ.

તા.૧૮/૧૨/૨૦૨૪ને રાત્રીના સુપ્રસિધ્ધ સંતવાણી આરાધક શ્રી શૈલેષમહારાજ (બારપટોળી વાળા) સવારના ૫ કલાક સુધી ભજનમાં તરબોળ કરેલ. પરિવાર તરફથી કાયમી પુણ્ય સ્મૃતિમાં શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય, સાવરકુંડલા. સંસ્થાની ચાલતી મિષ્ટભોજન યોજનામાં શ્રી દયાવિધી કાયમી નિભાવ ફંડ અંતર્ગત સ્વ.ઈશ્વરદાસબાપુની તિથીના દિવસે છાત્રાબાળાઓને પ્રતિવર્ષ મિષ્ટભોજન આપવા માટે રૂા.૧૫૧૧૧/- નું અનુદાન આપવામાં આવેલ છે.

પુણ્યતિથી માગશર સુદ - ૬ (છઠ્ઠ) તા.૦૭/૧૨/૨૦૨૪

:: હસ્તે ::

**ગં.સ્વ.શારદાબેન ઈશ્વરદાસ પીપાવત**

શ્રી વસંતરાય આઈ. પીપાવત શ્રી મનીષભાઈ આઈ. પીપાવત
શ્રી નિરંજનદાસ આઈ. પીપાવત શ્રી કિરણભાઈ આઈ. પીપાવત

મું.કારિયાણી, તા.બોટાદ, જી.બોટાદ.

રૂા.૧૫,૧૧૧/- પ.નં. ૭૩૦૭ થી જમા મળેલ છે. આભાર...

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા. ૧૫,૧૧૧/- નું તિથિ દાન બોપલ-અમદાવાદ



શ્રીમતિ સરસ્વતીબેન પ્રફુલ્લભાઈ રામાવત
જન્મ તા.૨૬/૧૨/૧૯૪૯

બોપલ-અમદાવાદ નિવાસી આપણા રાજ્યમંડળના ટ્રસ્ટી અને ગુરૂકુળ બાંધકામના દાતાશ્રી પ્રફુલ્લભાઈ ધરમદાસજી રામવતના ધર્મપત્ની શ્રીમતિ સરસ્વતીબેન રામાવત તા.૨૬/૧૨/૨૦૨૪ના રોજ ૭૫વર્ષ પુરા કરી ૭૬માં વર્ષમાં પ્રવેશતા તેમનો અમૃત મહોત્સવ ઉજવવા પ્રફુલ્લભાઈ તરફથી શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને યાદ કરી શ્રી સરસ્સવતીબેનના બર્થ-ડે છાત્રાલયે ઉજવવા માટે ટેલીફોનીક સુચના કરી સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડમાં પ્રતિવર્ષ જન્મદિને છાત્રાબાળાઓને મિષ્ટભોજન આપવા માટે રૂા.૧૫૧૧૧/-નું દાન મોકલવામાં આવેલ છે તેમજ તા.૨૬ના રોજ છાત્રાબાળાઓને ભાવતુ મિષ્ટભોજન કરાવવામાં આવ્યું. ટ્રસ્ટીશ્રી પ્રફુલ્લભાઈનો ખુબ ખુબ આભાર...

**જન્મદિન ઉત્સવ તા.૨૬ મી ડિસેમ્બર**

:: હસ્તે ::

**શ્રી પ્રફુલ્લભાઈ ધરમદાસજી રામાવત**

ટ્રસ્ટી શ્રી
ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા

રૂા.૧૫,૧૧૧/- પ.નં. ૭૩૦૫ થી જમા મળેલ છે. આભાર...

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને સોલાર રૂફ પેનલ માટે રૂા.૫૧,૦૦૦/-એકાવન હજારનું દાન - અંબાળા (સુરત)



કુ.કૃતિકા - શ્રીમતિ કૈલાસબેન - ચિ.રૂચી - ગં.સ્વ.કંચનબેન - ચિ.સાવન - શ્રી રજનીકાંતભાઈ

વિસાવદર તાલુકાના અંબાળા નિવાસી સ્વ.ભક્તિરામભાઈ કાનદાસબાપુ કુબાવતના પુત્ર સુરત સ્થિત શ્રી રજનીકાંતભાઈ બી. કુબાવતને ગત તા.૦૩/૦૯/૨૦૨૪ના રોજ રાજ્ય મંડળની સાધારણ સભામાં આ સંસ્થાના બાંધકામના દાતા અને સંસ્થાને કાયમી મદદરૂપ થતા શિક્ષણપ્રેમી પરિવારના મોભી રજનીકાંતભાઈને સર્વાનું મતે ટ્રસ્ટી તરીકે પસંદગી કરતા આ ખુશીના પ્રસંગે તેમના ધર્મપત્ની શ્રીમતિ કૈલાસબેન તરફથી સંસ્થાની જરૂરીયાતને ધ્યાને લઈ રૂફ સોલાર પેનલ માટે રૂા.૫૧૦૦૦/-નું દાન ચાલુ વર્ષના પ્રથમ દિવસે એટલે કે બેસતાવર્ષના શુભદિને પરિવાર સાથે સંસ્થાએ રૂબરૂ આવી સંસ્થાના ટ્રસ્ટીશ્રી ઘનશ્યાદાસ બાપુ (રાઘવ)ને શુભેચ્છા મુલાકાત લઈ રૂા.૫૧૦૦૦/-નું દાન અર્ણપ કરેલ છે.

**રૂા.૫૧૦૦૦/- પ.નં. ૭૦૪૪ થી ૭૦૪૯ થી જમા મળેલ છે.**

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને સોલાર રૂફ પેનલ માટે રૂા. ૫૧,૧૧૧/- નું દાન (ભાંખ-ઉપલેટા, હાલ જુનાગઢ)



**સ્વ.જયંતીલાલ રામદાસજી નિરંજની**
સ્વ.તા.૨૬/૧૧/૨૦૨૪ મંગળવાર,
સં.૨૦૮૧ કારતક વદ ૧૧ (ઉ.વર્ષ-૯૫)
ગામ : ભાંખ, તા.ઉપલેટા, જી.રાજકોટ

**રૂા.૫૧,૧૧૧/- પ.નં. ૭૨૮૨ થી જમા મળેલ છે.**

ભાંખ-ઉપલેટા (હાલ જુનાગઢ) નિવાસી શ્રી નરેન્દ્રભાઈ નિરંજની ના પિતાશ્રી જયંતીલાલ રામદાસજી નિરંજની સવંત ૨૦૮૧ના કારતક વદ-૧૧ (એકાદશી)ના શુભ દિને સાકેતધામ સીધાવતા તેમના આત્મ કલ્યાણાર્થે સવંત ૨૦૮૧ માગશર સુદ-૬ ને શનિવારના રોજ તેઓની ઉત્તરક્રિયા કુટુંબી, સગા-સંબંધીઓની હાજરીમાં રાખવામાં આવેલ. આગલા દિવસે તા.૦૬/૧૨/૨૦૨૪ના રોજ દશાશ્રાધ્ધ સાથે રામધુન સત્સંગ રાખવામાં આવેલ અને તે પ્રસંગે જે રકમ થઈ તે ધુન મંડળમાં ગૌ સેવા કાર્યમાં અર્પણ કરેલ આ પ્રસંગે નરેન્દ્રભાઈ નિરંજની તરફથી આપણી શૈક્ષણિક સંસ્થાઓને યાદ કરી તેમના પિતાશ્રીની કાયમી સ્મુતિમાં ૨.૯૨ (બે લાખ બાણું હજાર)જેવી માતબર રકમનું દાન કરવામાં આવ્યું. આપણા સમાજની બાળાઓ માટે શિક્ષણ સાથે સંસ્કાર ઘડતરનું કામ કરતી સંસ્થા શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને સંસ્થાની હાલની જરૂરીયાતને ધ્યાને લઈ સોલાર રૂફ પેનલ માટે **રૂા.૫૧,૧૧૧/-નું દાન પ.નં.૭૨૮૨ થી જમા મળેલ છે.**

નરેન્દ્રભાઈ સંસ્થા સાથે શરૂઆતથી જોડાયેલ છે., તેઓનો સંસ્થાના ટ્રસ્ટી હૃદયથી આભાર માને છે.

**:: હસ્તે ::**

સ્વ.ચંદુભાઈ જયંતીલાલ નિરંજની - સુપેડી
શ્રી નરેન્દ્રભાઈ જયંતિલાલ નિરંજની
શ્રીમતિ સુલોચનાબેન નરેન્દ્રભાઈ નિરંજની
શ્રી રોમીનકુમાર નરેન્દ્રભાઈ નિરંજની
મધુબેન દિનેશભાઈ કુબાવત - (પુત્રી)
શ્રી બ્રિજેશભાઈ નરેન્દ્રભાઈ નિરંજની
પુત્રી જયનાબેન, મનીષકુમાર અગ્રાવત (અમેરીકા)
અને નિરંજની પરિવાર, જુનાગઢ



# પરિણ્યોત્સવ



## તા. ૦૫ ડિસેમ્બર થી ૦૭ ડિસેમ્બર - ૨૦૨૪

શ્રી રામચંદ્રભગવાન તથા ઈષ્ટદેવ ઝરવાળા શ્રી જાગૃતિ હનુમાનજી મહારાજની અને કુળદેવીશ્રી કમળાદેવી માતાજીની અસીમ કૃપા અને આશીર્વાદથી

અંબાળા (હાલ સુરત) નિવાસી આપણા રાજ્યમંડળના ટ્રસ્ટીશ્રી રજનીકાંતભાઈ ભક્તિરામબાપુ કુબાવત તથા અ.સૌ.શ્રીમતિ કૈલાશબેન રજનીકાંતભાઈ કુબાવતના સુપુત્ર **ચિ. સાવન**ના શુભ લગ્ન પચ્છેગામ (હાલ સુરત) નિવાસી શ્રી વિપુલભાઈ હિમતલાલ અગ્રાવત તથા અ.સૌ.શ્રીમતિ શીતલબેન વિપુલભાઈ અગ્રાવતની સુપુત્રી **ચિ. રૂચી** સાથે વૈદિક વિધિ દ્વારા સંપન્ન થયાં.

આ શુભ પ્રસંગે નવદંપતીને આશિર્વાદ આપવા માટે સાધુ સમાજના સંતો તથા સમાજ અગ્રણીઓ અને વિવિધ ક્ષેત્રના સમાજ રત્નો સાથોસાથ સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા. જય સીયારામ.



ચિ. સાવન



ચિ. રૂચી

## આ ત્રિદિવસીય વૈદિક લગ્નોત્સવની ઝલક...

### મહેંદી રસમ










### વાના રસમ
















# પરિણ્યોત્સવ

**તા. ૦૫ ડિસેમ્બર થી ૦૭ ડિસેમ્બર - ૨૦૨૪**

**આ ત્રિદિવસીય વૈદિક લગ્નોત્સવની ઝલક...**

**ચિ. સાવન સંગ ચિ. રૂચી**



## ડાયરો


















## મંડપ રસમ
















# પરિણ્યોત્સવ

તા. ૦૫ ડિસેમ્બર થી ૦૭ ડિસેમ્બર - ૨૦૨૪

**આ ત્રિદિવસીય વૈદિક લગ્નોત્સવની ઝલક...**

**ચિ. સાવન** સંગ **ચિ. રૂચી**



## મંડપ રસમ



## હલ્દી રસમ





# પરિણ્યોત્સવ

**તા. ૦૫ ડિસેમ્બર થી ૦૭ ડિસેમ્બર - ૨૦૨૪**

**આ ત્રિદિવસીય વૈદિક લગ્નોત્સવની ઝલક...**

**ચિ. સાવન** સંગ **ચિ. રૂચી**



## સંગીત












## લગ્નોત્સવ












# પરિણ્યોત્સવ



તા. ૦૫ ડિસેમ્બર થી ૦૭ ડિસેમ્બર - ૨૦૨૪

આ ત્રિદિવસીય વૈદિક લગ્નોત્સવની ઝલક...

ચિ. સાવન સંગ ચિ. રૂચી



## લગ્નોત્સવ




















રામભક્તને રૂા.૧૫૦૦૦/- પ્રિન્ટીગના બેંક ખાતામાં જમા મળેઇ છે.







સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩

સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧

સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮

સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫

વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્રુપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી, પાખિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ, મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં, કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી મો.૯૯૨૫૫ ૬૫૮૫૬

**પત્ર વ્યવહારનું સરનામું :-** રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય, ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦

E-mail : rambhakt.svkd@gmail.com

**લવાજમ દરો...**
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુકતી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20224


## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુલ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઇન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



ઉપકાર ભુલે તે મુર્ખ અને ઉપકાર ને કહી બતાવે તે મહામુર્ખ.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

### વિશ્વકા સબસે બડા "મહાકુંભ મેલા" - ૨૦૨૫

સૃષ્ટિના પ્રારંભ સમયે શ્રી દક્ષ આર્યે તેમની ૧૩ રાજ્ય કન્યાઓને મહર્ષિ કશ્યપ આર્ય જોડે પરણાવી હતી. તેમની ૧૩ પત્નીઓના પરિવારથી સ્થાવર જંગમથી વિશ્વ ભરાઈ ગયું. મહર્ષિ કશ્યપ અદિતિના પુત્રો, દેવરાજ ઈન્દ્ર, ભગવાન વિષ્ણું ૧૨, આદિત્યો, ૧૧ રુદ્ર અને ૮ વસુઓ દેવ ગણાયા.

જ્યારે મહર્ષિ કશ્યપ દિતિના પુત્રો ચક્રવર્તિ હિરણ્યકશ્યપ, આર્ય હિરણ્યાક્ષ, આર્ય બિલ, આર્ય પ્રહ્લાદ, વિરોચન, બાણાસુર વિગેરેને દાનવો તરીકે ગણવામાં આવ્યા. હવે સર્વ દેવોના રાજા તરીકે વિષ્ણુનો રાજ્યાભિષેક કર્યો હતો. વિષ્ણુએ વિચાર્યું કે તેઓ દેવો અને દાનવો મળીને ધરતી ઉપર શાસન કરી સુખો ભોગવશે. પણ તેમ બન્યું નહીં અને દેવો તથા દાનવો વચ્ચે ઐતિહાસિક **"સમુદ્રમંથન"** થયું. (અત્યારે લોકશાહીમાં પણ રાજકિય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા શું સમુદ્ર મંથન નથી કરતાં ! ) સમુદ્રમાંથી ૧૪ રત્નો સાથે "અમૃતકુંભ" પણ નિકળ્યો. તો અમૃતકુંભ પડાવી લઈ તે પીને અમર બની જવા બન્ને પક્ષો વચ્ચે પડાપડી થઈ. અમૃતકુંભ ઈન્દ્રદેવના પુત્ર જયંતને સોપ્યો, તેનું રક્ષણ કરવા સુર્યદેવ, ચંદ્રદેવ ગુરૂ બ્રહસ્પતિને સોંપ્યુ હતું. આ **"અમૃતકુંભ"** દાનવોના હાથમાં ચાલ્યો ન જાય તેથી (૧) હરિદ્વાર, (૨) પ્રયાગ, (૩) નાસિક-ત્રંબક, (૪) ઉજ્જૈન આમ ચાર જગ્યાએ સંતાડવામાં આવેલ અને આ ચારેય સ્થળે અમૃતના બિંદુઓ પડી જવાથી તે સ્થળો અતિ પવિત્ર ગણાય છે. જેથી ચારેય સ્થળોએ વારા ફરતી **"મહાકુંભ મેળો"** ભરાય છે. અર્ધકુંભ પણ રચાય છે. સમગ્ર વિશ્વમાં ભારતની ભૂમિ અતિ પવિત્ર ગણાય છે.

જે સનાતન સત્ય છે તેના પુરાવાની જરૂર ખરી ? જેને સનાતનના કે મહાકુંભના અર્થની સમજણ ન હોય તે **વાણી વિલાસ કરીને અંતર સુધ્ધિ નહીં હોવાથી જ અન્ય વિવાદો સર્જે છે.** ઉપનિષદના ઋષિને કોઈએ પૂછ્યું કે, ઉપનિષદ એટલે શું ? જવાબમાં પેલાને કહ્યું સત્યમ્, જ્ઞાનમ્, અનંતમ્, બ્રહ્મ એટલે સનાતન. અને સનાતની વિચારો એટલે "સાયુજ્ય" સાધી બીજા પ્રત્યે સહજ બનવું (સીયારામ મય...) માટે જ દરેક વિશ્વદ્રષ્ટિનો સમાવેશ કરીને સનાતની સાધુઓ-ઋષિમુનીઓ **કોઈ પણ અપેક્ષા વગર આમ સમાજનું કેમ કલ્યાણ થાય તેવું માર્ગદર્શન આપતા રહે છે.**

તો, વિશ્વનો "મહાકુંભ" મેળો ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ તિર્થમાં ૧૩ જાન્યુઆરી થી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલશે. આમ તો મહાકુંભ ૧૨ વર્ષે એકવાર આવે છે. પરંતુ **આ વખતે ગૃહ-નક્ષત્રમાં મહાકુંભ ૧૪૪ વર્ષ પછી પહેલીવાર આવે છે, જેથી તેનું આ વખતે અતિ મહત્વ છે. અંદાજે ૪૦ કરોડ શ્રધ્ધાળુ તેમજ મહામંડલેશ્વરો, સંતો-મહંતો પધારશે.** એક અમેરિકન "સ્ટિફન" નામના માણસે આ મહામેળો જોઈને કહ્યું કે તમારે અસલી ઈન્ડિયના દર્શન કરવા હોય તો કુંભ મેળામાં જવું પડે. કુંભમાં આવતા સ્નાનોમાં એકાદ સ્નાનનો લાભ લેવો જરૂરી ગણાય. કુંભમાં ઠંડા પાણીથી સ્નાન કરો તો તે પૂણ્ય તો ગણાયજ પણ તે એક મોટું ટોનિક પણ ગણાય છે. તેના મુખ્ય સ્નાનોમાં (૧) ૧૪ જાન્યુઆરીએ (મકરસંક્રાંતિનું સ્નાન) (૨) ૨૭ જાન્યુઆરીએ (મૌની અમાસનું સ્નાન) (૩) ૩ ફેબ્રુઆરીએ (વસંત પંચમીનું સ્નાન) (૪) ૨૬ ફેબ્રુઆરીએ (મહાશીવરાત્રીનું સ્નાન) **આ વખતે હિન્દુ આચારસંહિતા પણ તૈયાર કરવાના હોઈને તે સારી બાબત ગણાય.**

તેમજ અખિલ બ્રહ્માંડના સર્વોપરી આચાર્યવર શ્રી શ્રી ૧૦૦૮ પ.પૂ. શ્રી જગદ્ગુરૂ રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫મી જયંતિ નિમિતે તેમજ સંત શિરોમણી પ.પૂ.શ્રી બજરંગદાસજી બાપાની પૂણ્યતિથીએ સમગ્ર રામાનંદી સાધુ સમાજના કોટિ કોટિ દંડવત્ પ્રણામ સહ જય સીયારામ...

તંત્રી...



છુપાઈને કરેલું પાપ જીવનભર કાંટાની જેમ સતત દુઃખ્યા કરેછે.

## શ્રી એમ.આર.દેવમુરારી સાહેબની જીવન ઝરમર (પરિચય)



સ્વ.શ્રી યુત મોરારદાસ રઘુરામ દેવમુરારી એ સુદ દશમ ઉત્તરાષાઢા નક્ષત્રમાં અભિજીત મૂહુર્તમાં વિક્રમ સંવત ૧૯૮૮ના રોજ તા.૨૧/૦૯/૧૯૩૧ ને સોમવારે મોરબી તાલુકાના લુંટાવદર મુકામે પિતા રઘુરામ દયારામ દેવમુરારી અને માતા દિવાળીબા રઘુરામ દેવમુરારીના ચાર સંતાનોમાં પ્રથમ સંતાન તરીકે જન્મ લીધો.

બાળપણમાં ધોરણ પાંચ સુધીનો અભ્યાસ લુંટાવદર ગામેજ પૂર્ણ કર્યો બાદ ધોરણ છ થી અગિયારનો અભ્યાસ મોરબી મુકામે પૂર્ણ કર્યો. મોરબી એન્જીનીયરીંગ કોલેજમાંથી સિવીલ એન્જીનીયરની ડિગ્રી મેળવી જ્ઞાતીના પ્રથમ એન્જીનીયર બન્યા. અને કોલેજમાં એક વર્ષ પ્રાધ્યાપક તરીકે નોકરી કરી. ત્યારબાદ રાજકોટ ખાતે સરકારી માર્ગ અને મકાન વિભાગમાં ઓવરસિયર તરીકે નિમણૂંક પામ્યા. એક વર્ષ દરમિયાન તા.૨૦/૦૫/૧૯૫૬માં ભોરિંગડા નિવાસી શ્રી ધરમદાસ અને નાનુબેન નિમ્બાર્કનાં દીકરી સુ.શ્રી લાભુબેન સાથે લગ્નસંબંધથી જોડાયા. રાજકોટ બાદ ભાણવડ, જામખંભાળીયા અને જામનગર ખાતે બદલી થતા ત્યાં સેવાઓ આપી, ત્યારબાદ જૂનાગઢ પી.ડબલ્યુ.ડી. વિભાગમાં બઢતી સાથે ડેપ્યુટી એન્જીનીયર તરીકે જોડાયા. તેમની કાર્યનિષ્ઠાને કારણે મહેસાણા ખાતે કાર્યપાલક ઈજનેર તરીકેની બઢતી સાથે નિમણૂંક પામ્યા. અને નિવૃતિ સુધી કાર્યપાલક ઈજનેર તરીકે જૂનાગઢ મૂકામે નોકરી કરી. ૧૯૮૯માં નિવૃત થયા.

જામનગર ખાતે નોકરી દરમિયાન મોટી બે દીકરીઓ મેડીકલ અભ્યાસમાં જોડાતા ત્યાંજ ઘરનું મકાન બનાવ્યું અને કાયમી વસવાટ કર્યો. જામનગરમાં શ્રી એમ.આર. દેવમુરારી તરીકે ખુબ ખ્યાતિ મેળવી. તેમનાં સંતાનોમાં એક દીકરો પિતાની જેમ સિવીલ એન્જીનીયર બની રિલાયન્સમાં જોડાયા. બે દીકરીઓ ડોક્ટર બની અને નાની દીકરી એમ.કોમ.બી.એડ્ થઈબધા સંતાનોના સબંધ કર્યા અને ચારેયને ત્યાં એક દિકરો અને દીકરીને સંતાનો છે. બધા વ્યવસ્થિ છે.

એમને રામાયણ પર વિશેષ લગાવ કાયમ રહ્યો છે. આધ્યાત્મ તરફનો ઝૂકાવ ઉડીને આંખે વળગે તેવો રહ્યો. રામાયણી પૂજ્ય શ્રી મોરારીબાપુ પણ તેઓને ત્યાં પધારતા પૂ.બાપુ પણ સાહેબની રામાયણના અભ્યાસુ તરીકે નોંધ લેતાં. અનેક મંદિરોમાં આર્થિક મદદ કરતા જૂનાગઢનાં ગાયત્રી મંદિરનાં વિકાસમાં એમનો અનન્ય ફાળો હતો. દર શનિવારે જૂનાગઢ ભવનાથ મંદિરે જતા અને ત્યાં કોઈ મળી જાય તો તેને પણ સહાય કરતા એવો સ્વભાવ હતો.

જામનગર મેડિકલ કોલેજમાં ભણતાં જ્ઞાતિના દીકરા-દીકરીઓને પુસ્તકો- ફી - સાધનો માટે મદદ કરતા. નાના માણસોને પગભર થવા આર્થિક મદદ કરતા. તેઓ 'ઈસ્કોન' સંસ્થાના આજીવન સભ્ય હતા, સ્વામી દયાનંદના સ્વાધ્યાયમાં સભ્ય હતા. અખિલ ભારતીય રામાનંદ સંઘના સભ્ય હતા. જ્ઞાતિના છાત્રાલયો, સામયિકો, સામાજીક સેવા હોય કે હોસ્પિટલમાં કોઈને મદદ જોઈતી હોય તો હંમેશાં મદદ કરતા. અનેક સામાજીક મંડળો અને સંસ્થા સાથે જોડાયેલા રહેતા. જૂનાગઢમાં જ્ઞાતિની વાડી બનાવવા માટે એમનું મોટું યોગદાન હતું.

નાના-મોટા સૌને સન્માન આપતા અને મદદ પણ આપતા. ઉચ્ચ પદને કારણે પ્રભાવશાળી ઓળખાણોને લીધે ઘણાં લોકોને નોકરી આપવામાં પણ મદદ કરતા. નિવૃતિનો સમય પોતાના ઘરનાં મકાનમાં જામનગર મૂકામે વિતાવ્યો. જ્યાં સમાજસેવા અને રામયણનાં અભ્યાસ તથા ઈશ્વર સ્મરણમાં કાર્યરત રહેતા.

અંતે તા.૨૧/૦૭/૧૯૯૮ રવિવારનાં રોજ ટૂંકી બિમારીમાં તેઓશ્રી ૬૬ વર્ષની જ વયે અવસાન પામ્યા. જ્ઞાતિના પદ ધરાવતા પ્રતિષ્ઠિત પ્રેરણા લઈ શકે. જય સિયારામ.

---

## આંધ્રપ્રદેશની સરકારે મંદિરો માટે ખજાનો ખોલી નાખ્યો

આંધ્રપ્રદેશની સત્તારૂઢ પાર્ટી તેલુગુ દેશમએ સનાતન ધર્મ અને સનાતનીઓ માટે ઘણાં જ પગલાં લીધાં છે. ત્યાનાં મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુનું કહેવું છે કે રાજ્યના મંદિરોમાં ફક્ત હિન્દુઓ જ કામ કરી શકશે. તેમણે મંદિરોના પુજારીઓના પગારમાં પણ 50 ટકા વધારો કરી દીધો છે. આ સાથે જ મંદિરોમાં કામ કરવાવાળા હજામો માટે લઘુતમ માસિક વેતન 25,000 રૂપિયા કરવામાં આવશે. રાજ્યભરના મંદિરોમાં કામ કરતા 1683 પૂજારીઓનું વેતન 10,000 થી વધારીને 15,000 કરવાનો નિર્ણય કર્યો છે. વેદ વિદ્યા પ્રાપ્ત કરવાવાળા બેરોજગાર યુવાનોને 3,000 રૂપિયા માસિક ભથ્થું આપવામાં આવશે. આ સિવાય "ધૂપ, દીપ, નૈવેદ્યમ્ યોજના" અંતર્ગત નાનાં મંદિરોને આપવામાં આવતી નાણાંકીય સહાય 5,000 રૂપિયાથી વધારીને 10,000 રૂપિયા પ્રતિમાસ કરવાનો નિર્ણય કર્યો છે. આંધ્રપ્રદેશ મંદિર સંસ્થામાં બીજા બે સભ્યોને લેવામાં આવ્યા છે. હવે આ સંખ્યા 15 થી વધીને 17 થઈ જશે અને એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સંસ્થામાં એક બ્રાહ્મણ અને એક હજામનો સમાવેશ કરવામાં આવશે. રાજ્યના હિન્દુ મંદિરોમાં હવે બિનહિન્દુઓને નોકરી આપવામાં આવશે નહીં. મુખ્યમંત્રી નાયડુએ સૌથી મોટી જાહેરાત એ કરી કે શ્રીવાણી ટ્રસ્ટના અંતર્ગત પ્રત્યેક મંદિરને 10 લાખ રૂપિયા આપવામાં આવશે જો જરૂરિયાત હશે તો આ કાર્યોની સમીક્ષા પૂર્ણ થયા પછી વધુ ભંડોળ ફાળવવામાં આવશે. તેમનું કહેવું છે કે પ્રદેશના દરેક મંદિરમાં આધ્યાત્મિકતા પ્રગટવી જોઈએ. કાર્યક્રમ એવી રીતે આયોજિત કરવા જોઈએ કે શ્રધ્ધાળુઓ મંદિરમાં ફરીથી આવે અને તેમને એવું ન લાગે કે તેમની પાસેથી પૈસા પડાવવામાં આવે છે. એ પણ જરુરી છે કે મંદિરોની આજુબાજુના વિસ્તારોની પણ સાફ-સફાઈ કરવામાં આવે. તેમણે હિન્દુ મંદિરો પર કરવામાં આવેલ હુમલાઓની પણ ટીકા કરી છે જેમાં મંદિરોના રથને સળગાવવામાં આવ્યાનો સમાવેશ થાય છે. તેમણે આવા ગુનાઓમાં સંડોવાયેલા લોકોની વિરુધ્ધમાં કડક પગલાં લેવાની યોજના બનાવી છે અને એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે પ્રદેશમાં બળજબરીથી ધર્મપરિવર્તન કરાવવામાં આવશે તે ચલાવી લેવામાં આવશે નહીં. ખુબ ખુબ ધન્યવાદ સાથે ચંદ્રબાપુ નાયડુ સાહેબનો આભાર..

# આદર્શ ભદ્રોત્સવ પ્રસંગ



કરીયાણા (તા.બાબરા) નિવાસી સ્વ.મંછારામબાપુ ગોરધનદાસબાપુ લશ્કરી ઉ.વ.૯૯, તા.૦૧/૧૧/૨૦૨૪ ને શુક્રવારના રોજ રામચરણ પામેલ તેમના આત્માના કલ્યાણાર્થે સવંત ૨૦૮૧ કારતક સુદ-૧૨, તા.૧૩/૧૧/૨૦૨૪ ને બુધવાર નારોજ ભવ્ય ભદ્રોત્સવનું આયોજન કરે સંતોમાં પૂ.ગુરૂદેવશ્રી ઓધવદાસબાપુ-કોટડાપીઠા, પ.પૂ. સીતારામબાપુ, ગુરૂશ્રી ધીરજરામબાપા - ધીરજધામ સાતહનુમાન લીંબડીયા, પ.પૂ. સત્યનારાયણબાપુ-નીલકંઠ મહાદેવ, કરીયાણા, પ.પૂ.મૂનિબાપુ પધારી આશીર્વાદ આપેલ, સંતોના સામૈયા કરી ધર્મસભામાં સંતોએ પ.પૂ.મંછારામબાપુના સતકાર્યોને યાદ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરેલ આ પરિવારના પ.પૂ.સ્વ.ગોરધનદાસબાપુ પ્રખર રામાયણી હતા તેથી રોટલે બહુ મોટુ ઘર હતુ. પૂજ્ય ગોરધનદાસબાપુના પુત્રો સ્વ.મંછારામબાપુ, સ્વ.જાનકીદાસબાપુ, સ્વ.બંસીદાસબાપુ તથા શ્રી ગોવિંદરામબાપુએ પૂ.બાપુનો વારસો જાળવી રાખેલ આજની તારીખે આ પરિવારના સગા થવું એ પણ ગૌરવની વાત છે આજે ત્રીજી પેઢીના ચાર ભાઈઓમાં ૧૩, પુત્રોમાં પણ એ ગુણો જોવા મળે છે, આજે આ લશ્કરી પરિવારનું નાનું બાળક પણ તિલક વિના ઘર બહાર જતા નથી સરળ સ્વભાવ સાદુ જીવન અને ઉચ્ચ વિચારો ધરાવતા આ પરિવારને ધન્યવાદ.

પુ.સ્વ.મંછારામબાપુના પાંચ પુત્રોમાં શ્રી દલપતભાઈ (પુર્વ પ્રમુખ) તાલુકા મંડળ-બાબરા, શ્રી જગદીશભાઈ (મંત્રીશ્રી) તાલુકા મંડળ બાબરા, શ્રી પ્રવિણભાઈ, શ્રી રમેશભાઈ તથા સ્વ. શ્રી મનહરભાઈ પણ વેલસેટ છે સમાજના હિતના કાર્યોમાં અગ્રેસર રહે છે. સ્વ.ગોરધનદાસબાપુના ૪, પુત્રોએ "સવિતાબા કુમાર છાત્રાલય" અમરેલીમાં એક રૂમનું અનુદાન આપેલ છે ખેતી સાથે સંકળાયેલા છે આ સંસ્કારી પરિવાર ૧૩, ભાઈઓના પુત્રોમાં મોટાભાગના પુત્રો નોકરી કરે છે બે ભાઈઓ વિદેશમાં છે, સંતોના આશીર્વાદ બાદ જિલ્લા મંડળના પ્રમુખશ્રી નવનીતભાઈ નિમાવત, તાલુકા મંડળના પ્રમુખ અને જિલ્લા મંડળના ઉપપ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારીનુ ફુલહાર શાલથી સન્માન કરવામાં આવેલ, તાલુકા જિલ્લા મંડળના હોદ્દેદારો, નજીકના સગા સંબંભીઓનું પણ ફુલહારથી સન્માન કરવામાં આવ્યું, આ તકે તાલુકા તથા જિલ્લા મંડળના પ્રમુખશ્રીઓએ કુમાર છાત્રાલય-અમરેલી તથા કન્યા છાત્રાલય-સાવરકુંડલા માટે અપીલ કરતા બન્ને છાત્રાલયોને રૂા.૫૧૦૦/-, ૫૧૦૦/- તથા તાલુકા મંડળ બાબરાને રૂા.૫૧૦૦/- આપી રાજીપો વ્યક્ત કરેલ પુ.મંછારામબાપુ રામચરણ પામ્યાના બીજા દિવસથી સગા સંબંધી, મિત્રો દુઃખમાં ભાગ લેવા આવેલ તે તમામ ને મિષ્ટાન, ફરસાણ સાથેના ભોજન કરાવેલ તથા આ આયોજમાં છેલ્લે સરસ સ્વાદિષ્ટ ભોજન પ્રસાદ સૌએ લીધેલ તેમજ દોહિત્ર બહેનો તરફથી લાણું કરવામાં આવ્યું સંતવાણી કાર્યક્રમમાં શ્રી કિશોરગીરીબાપુ, શ્રી પ્રીતભાઈ રાજગોર તથા મનસુખબાપુએ જમાવટ કરેલ, શ્રી પ્રકાશભાઈ એમ. ચૈતન્યસ્વામી (આચાર્યશ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા) દ્વારા ખુબજ સરસ સ્ટેજ સંચાલન કરવામાં આવેલ છે.

:: અહેવાલ ::
પ્રતાપભાઈ એલ. દેવમુરારી
પ્રમુખશ્રી તાલુકા મંડળ - બાબરા
સહ સંપાદક રામભક્ત, સાવરકુંડલા

રૂા.૫૧૦૦ પ.નં. ૭૧૪૭ થી જમા મળેલ છે.

# આદર્શ ભદ્રોત્સવ શ્રધ્ધાંજલી કાર્યક્રમ જુનાગઢ



**સ્વ.જયંતીલાલ રામદાસ નિરંજની**
સ્વ.તા.૨૬/૧૧/૨૦૨૪ મંગળવાર,
સં.૨૦૮૧ કારતક વદ ૧૧ (ઉ.વર્ષ-૯૫)
ગામ : ભાંખ, તા.ઉપલેટા, જી.રાજકોટ

"સૂનહું ભરત ભાવિ પ્રબળ, બિલખી કહો મુનીનાથ;
હાની-લાભ-જીવન-મરણ, જસ-અપજસ વિધિહાથ."

ભાંખ, તા.ઉપલેટા (હાલ જૂનાગઢ) નિવાસી, શ્રી જયંતીલાલ રામદાસ નિરંજની, જેઓ સ્વ.ગોપાલદાસ રામદાસ અગ્રાવત, ઉપલેટા (હીરા હોન્ડા ગ્રુપ) જૂનાગઢના ભાણેજ તેમજ સ્વ.ગોવિંદરામભાઈ નિરંજની ઉમરાળા તથા સ્વ.પ્રભુદાસભાઈ નિરંજની ઉપલેટા અને સ્વ.ઓધવદાસભાઈ નિરંજની - રાજકોટના મોટાભાઈ અને સ્વ.ચંદુભાઈ નિરંજની - સુપેડી, શ્રી નરેન્દ્રભાઈ નિરંજની જૂનાગઢ તથા મધુબેન દિનેશકુમાર કુબાવત શાપર (વેરાવળ)ના પૂજ્ય પિતાશ્રી તથા ગં.સ્વ.શારદાબેન સી. નિરંજની, શ્રીમતી સુલોચનાબેન-સોનલબેન-અવનીબેન-નીલમબેન-જાગુબેન-ધારાબેન-રાજ-ધ્યેય-વિવાન-કહાન-દેવ-પ્રિન્સ-વીરા-શ્રીવાના અદા.

સંવત ૨૦૮૧ ને કારતક વદ-૧૧ (અગિયારસ)ને મંગળવાર તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ સાકેતધામ સીધાવતા તેમના આત્મકલ્યાણાર્થે તા.૦૬/૧૨/૨૦૨૪ના રોજ દશાશ્રાધ્ધ અને તા.૦૭/૧૨/૨૦૨૪ ને શનિવારે ઉત્તર ક્રિયા (પાણીઢોળ) વિધી, શિવમ પાર્ટી પ્લોટ જુનાગઢ ખાતે નિરંજની પરિવારના સર્વે સગા સંબંધી અને મિત્ર મંડળની બહોળી ઉપસ્થિતિએ સંપન્ન થયેલ.

તા.૦૬/૧૨/૨૦૨૪ ને શુક્રવારે રાત્રે રામનાથ ધૂન મંડળ, કેશોદના પ્રવિણદાન ગઢવી દ્વારા સંગીતના સથવારે રામધૂનની રમઝટ બોલાવી, તેમજ ગોંડલથી ભાણાભાઈ શ્રી ભાવિનભાઈએ સંતવાણી થી શ્રધ્ધાંજલિ આપેલ. આ પ્રસંગે જૂનાગઢ શહેર જ્ઞાતિ મંડળના પૂર્વ પ્રમુખશ્રી ડી.સી.અગ્રાવત એ શ્રધ્ધાંજલી અર્પણ કરેલ. સ્મરણાંજલી કાર્યક્રમમાં યજમાન પરિવાર અને સૌ મહેમાનો દ્વારા રૂપિયા ૪૬૦૦૦/- જેવી માતબર રકમ ઘોર સ્વરૂપે આવેલ. જે રકમ રામનાથ ધૂન મંડળના ગૌ સેવા કાર્યમાં અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી વાસુદેવભાઈ પી. નિમાવત - વિસાવદર, ટ્રસ્ટીશ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ સાવરકુંડલા અને શ્રી ભગવાનદાસભાઈ નિરંજની - ઉપલેટા દ્વારા આપણા શૈક્ષણિક સંકુલોને યાદ કરતા યજમાન શ્રી નરેન્દ્રભાઈ નિરંજનીએ લાણી પ્રથાને તિલાંજલી આપવાના વિચાર સાથે - લાણું ન કરવું અને સ્વર્ગસ્થ પૂ.પિતાશ્રીની કાયમી સ્મૃતિમાં આપણી જાજરમાન સંસ્થાઓને પુષ્પ-પાંખડી રૂપે આ મુજબની ધનરાશિ અર્પણ કરતા સૌ મહેમાનો દ્વારા તાળીના નાદ સાથે સખાવતને બિરદાવવામાં આવેલ.

રૂા. ૫૧૦૦૦/- શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા

રૂા. ૫૧૦૦૦/- શ્રી વૈદેહી કન્યા છાત્રાલય - ભાવનગર

રૂા. ૫૧૦૦૦/- શ્રી અખિલ કચ્છ રામાનંદી સાધુ સેવા ટ્રસ્ટ - કચ્છ (કમળા ધામ)

રૂા. ૫૧૦૦૦/- શ્રીરામ સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ - ભાવનગર

રૂા. ૫૧૦૦૦/- શ્રી મહાગુજરાત ચતુઃસંપ્રદાય શ્રી વૈષ્ણવાચાર્ય સમાજ મધ્યસ્થ સંઘ - અમદાવાદ

રૂા. ૨૫૦૦૦/- શ્રી સવિતાબા રામાનંદ કુમાર છાત્રાલય - અમરેલી

રૂા. ૧૨૦૦૦/- શ્રી રામાનંદ ભવન - કેશોદ (ફોટો સ્મૃતિ)

કુલ રૂા.૨,૯૨,૦૦૦/- (બે લાખ બાણું હજાર પુરા) પૂજ્ય પિતાશ્રી સ્વ.જયંતીલાલ રામદાસ નિરંજની ની પુણ્ય સ્મૃતિએ શ્રી નરેન્દ્રભાઈ નિરંજની - પરિવાર તરફથી અર્પણ કરવામાં આવ્યા.

**લી.**

શ્રી હરસુખભાઈ ગોપાલદાસ અગ્રાવત
શ્રી જગદીશચંદ્ર ગોપાલદાસ અગ્રાવત
શ્રી નિતીનભાઈ ગોપાલદાસ અગ્રાવત
શ્રી બીપીનકુમાર મોહનદાસ કુબાવત
શ્રી દિનેશકુમાર તુલસીદાસ કુબાવત

શ્રી નરેન્દ્રભાઈ જયંતીલાલ નિરંજની
શ્રી જીતેન્દ્ર ચંદુભાઈ નિરંજની
શ્રી રોમિન નરેન્દ્રભાઈ નિરંજની
શ્રી બ્રિજેશ નરેન્દ્રભાઈ નિશ્રંજની
શ્રી મનીષકુમાર મનોજભાઈ અગ્રાવત

સંકલન : હર્ષદભાઈ ટી. લશ્કરી, કેશોદ
કન્વીનર : રામભક્ત/રામાનંદક્રાંતિ
ઉપપ્રમુખ : ગુ.રા.સા.સ.ઉ.મંડળ

**રૂા.૩૦૦૦/- પ.નં. થી મળેલ છે.**

# આદર્શ ભદ્રોત્સવ ઝમરાળા



મુળ ઝમરાળા અને હાલ કારીયાણી જેની કર્મભુમી બનાવી તેવા પ.પૂ.શ્રી ઈશ્વરદાસબાપુ શિવરામદાસ પિપાવતનું (ઉ.વ. ૯૦) સં.૨૦૮૧ માગશર સુદ-૬ (છઠ્ઠ)ને શનિવાર તા.૦૭/૧૨/૨૦૨૪ના રોજ સાંજે સાકેતગમન થતાં તેમના આત્માના કલ્યાણાર્થે આદર્શ ભદ્રોત્સવનું આયોજન કરવામાં આવેલ. તા.૧૮/૧૨/૨૦૨૪ બુધવાર રાત્રિના ૧૦ વાગ્યે સુપ્રસિધ્ધ સંતવાણી આરાધક શ્રી શૈલેષમહારાજ (બાર પટોળી) તથા ગુજરાત સંગીત અકાદમીનાં ડાયરેક્ટર શ્રી બટુક ઠાકોર, લોક સાહિત્યમાં સવારના ૫ વાગ્ય સુધી રસ તરબોળ કરેલ. રાત્રીના સંતવાણીમાં સંતોમાં પ.પૂ.જનકસિંહ સાહેબ, અમરધામ (છલાલા), પ.પૂ. શ્રી પ્રભુદાસબાપુ - ચીતલ, પ.પૂ.શ્રી વિનાયકબાપુ - લાઠી તથા પ.પૂ.શ્રી હિંમતરામબાપુ - (પાણવી પાટણા) તથા કૈલાસપુરી - (લુણીધાર), તથા રવીરામબાપુ - (લાઠીદડ). હાજર રહી પૂ.બાપુને શ્રધ્ધા સુમન અર્પણ કરેલ.

તા.૧૯/૧૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારના ૯:૩૦ કલાકે સંતોની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ. અને આ શોભાયાત્રાને ધર્મસભામાં પરીવર્તન થતાં સભા સંચાલક દ્વારા ધર્મ સભામાં દિપ પ્રાગટ્ય, પૂજન-અર્ચન અને સ્વાગત કર્યા બાદ દરેક સંતોના આશિર્વચ પ્રાપ્ત કરેલ. આ ધર્મ સભામાં પ.પૂ.શ્રી આત્માનંદ સરસ્વતીજી - બોટાદ, પ.પૂ.શ્રી લલીતકિશોરચરણદાસજી - સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ,લીંબડી, પ.પૂ.સરજુદાસબાપુ - બરવાળા તથા પ.પૂ.સીતારામબાપુ સાત હનુમાન લિંબડીયા તથા પ.પૂ. રાધામુકુન્દશરણદાસજી - પાટણા, પ.પૂ.અવધવિહારીદાસજી - નાની કુંડળ, પ.પૂ.શ્રી અમરદાસબાપુ તથા પ.પૂ.શાંતિપ્રસાદદાસ - સિધ્ધાનંદ આશ્રમ, લાઠીદડ, પ.પૂ.માધવ સ્વામી - બોટાદ ગુરૂકુળ તથા પ.પૂ.માધવપ્રસાદદાસજી કોઠારીશ્રી કારીયાણી તથા પ.પૂ.વિપુલબાપુ રામવાડી પચ્છેગામ તથા નામી-અનામી સંતો, કથાકારો તથા રાજ્યમંડળના પુર્વપ્રમુખશ્રી અશોકભાઈ રામાનુજ - (સુરત), શ્રી ભાવેશભાઈ સાધુ - પ્રમુખશ્રી કુળદેવી કમળાદેવી ટ્રસ્ટ - નારાયણ સરોવર (કચ્છ) તથા વિવિધ તાલુકા મંડળના તમામ પ્રમુખશ્રીઓ તથા અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ધર્મસભા બાદ સૌ સંતો સાથે ભોજન પ્રસાદ લેવામાં આવેલ.

સ્વ.ઈશ્વરદાસબાપુએ કારીયાણી ગામમાં ૩૭ વર્ષ સુધી શિક્ષક તરીકે ફરજ બજાવી બે થી ત્રણ પેઢીને ભણાવેલ. સ્વ.બાપુના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ હાજર રહેલ.

આ પ્રસંગે પરીવારના સભ્યશ્રીઓ ગ.સ્વ.શારદાબેન ઈશ્વરદાસ પિપાવત તથા સ્વ.બાપુના સુપુત્રો શ્રી વસંતભાઈ આઈ.પીપાવત, શ્રી નિરંજનદાસ આઈ. પીપાવત, શ્રી મનીશભાઈ આઈ. પીપાવત (મહામંત્રી - રાજ્યમંડળ) તથા શ્રી કિરણભાઈ આઈ. પીપાવત દ્વારા લાણા પ્રથા બંધ રાખી સમાજની વિવિધ સંસ્થાઓને અનુદાન જાહેર કરવામાં આવેલ.

રૂા.૫૧૦૦૦/- શ્રી રઘુનંદન રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત કથામાં સ્વ.ઈશ્વરદાસબાપુની યાદગીરી રૂપે આપવામાં આવેલ.

રૂા.૧૫,૧૧૧/- શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલયને મિષ્ટભોજન તિથી અનુદાન રૂપે કાયમી નિભાવ ફંડમાં આપવામાં આવેલ.

રૂા.૫,૧૦૦/- શ્રી કારીયાણી પારેવાની જાર માટે

રૂા.૫,૧૦૦/- શ્રી કારીયાણી સ્મશાનના વિકાસ માટે

રૂા.૨૧,૧૧૧/- પીપાવત પરિવારની બહેનો અને દિકરીઓ દ્વારા દોહિત્રના સ્વરૂપે શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુલ કન્યા છાત્રાલયમાં સોલાર રૂફટોપ માં અનુદાન આપવામાં આવેલ.

રૂા.૫,૧૦૧/- શ્રી કમળાધામ કુળદેવી કમળાદેવી માતાજીને તીથી નિમીતે - નારાયણ સરોવર (કચ્છ)

:: પ્રેષક ::
**મનીશભાઈ આઈ. પીપાવત**
મહામંત્રી રાજ્યમંડળ
મું.કારીયાણી, તા.બોટાદ. - ૩૬૪૭૧૦
મો.૯૮૨૪૪ ૮૩૭૧૨



ભય માણસ ને દબાવે છે, પણ પ્રેમ માણસને ઉઘાડે છે.

જીવાપર (બરવાળા ઘેલાશા) (ભાવનગર)

# સગાઈ પ્રસંગ

આમળા (તળાજા) (ભાવનગર)



જીવાપર (બરવાળા ઘેલાશા) હાલ.ભાવનગર નિવાસી શ્રી પ્રદીપભાઈ જેજેરામજી રામાનુજની સુપુત્રી ચિ.પૂજાબેનનીસગાઈ આમળા (તળાજા) હાલ. ભાવનગર નિવાસી શ્રી પ્રકાશભાઈ નરભેરામદાસજીના સુપુત્ર ચિ.રવિકુમાર સાથે તા.૦૮/૧૧/૨૦૨૪ના રોજ ભાવનગર મુકામે રાખવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી અજયભાઈ એ. લશ્કરી ચકમપર નિવાસી (ટ્રસ્ટી શ્રી રઘુનંદન રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ) અને શ્રી બાલકૃષ્ણભાઈ જેજેરામજી રામાનુજ ભાવનગર નિવાસી (કારોબારી સભ્ય શ્રી રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ) દ્વારા અપીલ કરવામાં આવેલ જેના કારણે શ્રી પ્રદીપભાઈ તથા શ્રી પ્રકાશભાઈ અને પધારેલ મહેમાન દ્વારા ગુજરાત રામાનંદી રાજ્ય મંડળ તથા શ્રી રઘુનંદન રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ બન્નેને સંયુક્ત અનુદાન મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧૫૦૧/- | પ્રકાશભાઈ નરભેરામદાસજી નિમ્બાર્ક આમળા (તળાજા) હાલ.ભાવનગર | ૨૫૧/- | રેખાબેન રશ્મીનકુમાર અગ્રાવત - ગાંધીધામ |
| | | ૧૫૧/- | મંગુબેન ગોવિંદરામદાસજી દેવમુરારી - સીદસર |
| ૧૧૧૧/- | પ્રદીપભાઈ જેજેરામજી રામાનુજ જીવાપર- (બરવાળા ઘેલાશા) હાલ.ભાવનગર | ૧૫૧/- | વિશાલભાઈ રમેશભાઈ હઠી નારાયણ - ભાવનગર |
| | | ૧૦૧/- | માયાબેન વાસુદેવકુમાર રામાનુજ - મુંદ્રા |
| ૫૦૧/- | સોનલબેન નિલેશકુમાર અગ્રાવત - મુંબઈ | ૧૦૧/- | હીનાબેન હિતેશકુમાર દિવાકર - ઈંગોરાળા |
| ૫૦૧/- | હેતલબેન પ્રશાંતકુમાર નિમાવત - ભુરખીયા | ૧૦૧/- | દિનેશભાઈ બાવનદાસજી નિમાવત - બોડકી |
| ૨૫૧/- | અજયભાઈ અશ્વિનભાઈ લશ્કરી - ચકમપર | ૧૦૧/- | હિંમતલાલ રામરતનદાસજી નિમ્બાર્ક |
| ૨૫૧/- | વિજયભાઈ અશ્વિનભાઈ લશ્કરી - ચકમપર | ૧૦૧- | પિયુષભાઈ પ્રભુદાસજી નિમ્બાર્ક - સુરત |

જેમાં ટોટલ સંયુકતદાન રૂા.૫,૦૨૭/- મળેલ છે, તેમાંથી શ્રી રઘુનંદન રામસેતુ ચેરીટેબલ ટ્રસ્ટ ને રૂપિયા ૨,૫૩૬/- અને ગુજરાત રામાનંદી સાધુ સમાજ રાજ્ય મંડળને રૂપિયા ૨,૫૩૬/- આવી રીતે સંયુક્તદાન મળેલ છે. માં કમળાદેવીના આશીર્વાદ સગાઈના બંધન માં બંધાતા ચિ.પુજાબેન અનેચિ. રવિકુમાર તેના પરિવાર પર વરસતા રહે તેવી માં ના ચરણો માં પ્રાર્થના...

શ્રી રાઘવેન્દ્ર સરકાર અને માતાજી આપને સુખ, સમૃધ્ધિ, ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ પ્રદાન કરે. રઘુનાથને એવી પ્રાર્થના માં કમળાદેવી આપને સ્વાસ્થ્ય સભર દીર્ઘાયુ આપે... માં સરસ્વતીની જ્ઞાનરૂપી અને માં લક્ષ્મીની ધનની કૃપા સદૈવ બની રહે... જગત આખા ને અખંડ આનંદ આપનાર માં કમળાદેવી માંની કૃપા વરસતી રહે માંને પ્રાર્થના, આપનો ખુબ ખુબ આભાર...

**રૂા.૨૦૦૦+૫૩૬ = પ.નં.૭૧૩૨/૭૧૩૩ થી જમા મળેલ છે.**

## વાલીઓ માટે સૂચન

- બાળકોને વહેલા ઉઠાડવાની ટેવ પાડો, કારણ સફળતા અને વહેલા ઉઠવું એક મેક સાથે જોડાયેલું છે.
- સંતાનો માં જે પ્રકારનુ સંસ્કારનું સિંચન કરવું હોય તે પ્રકારનું વાલીનું જીવન હોવુ જોઈએ બાળકોમાં મા અને બાપના જીવન વ્યવહારનું પ્રતિબિંબ પડે છે. એ ભુલવા જેવું નથી.
- સંતાનો તેમના પોતાના કામ પોતાની જાતે કરે તેનો આગ્રહ રાખો. ઉપરાંત ઉંમર પ્રમાણે ઘરના કામ કરવાનો પણ આગ્રહ રાખો.
- યુવાન દિકરા-દિકરીઓ ઘરની બહાર હોય ત્યારે તે ક્યાં જાય છે, તેમના મિત્રો-બહેનપણી કોણ છે તેની જાણકારી રાખો.
- સંતાનો ચરફ વધારે લાડપ્રેમ બતાવીને વધારે પૈસા વાપરવા આપો નહીં. આપેલા પૈસા શેના માટે વાપરે છે તે જાણો.
- મોબાઈલ યુગ છે - સમાચાર કે સંપર્ક માટે જરૂરી છે. છતાં પણ સાદો મોબાઈલ વાપરે તેવો આગ્રહ રાખવો. ગીત-સંગીત-ફોટા પડે તેવા મોબાઈલ આપવા નહીં.
- દિકરીને સ્કુલ લેવલે - કન્યાશાળામાં અને કોલેજ મહિલા કોલેજમાં પ્રવેશ લેવાનો આગ્રહ રાખો.
- ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં દિકરી-દિકરીઓને બસ-ટ્રેઈનમાં અપ-ડાઉન કરાવવાના બદલે આપણી બોર્ડીંગ-ગુરૂકુળ- કન્યા છાત્રાલયોમાં દાખલ કરો. જ્યાં શિક્ષણ અને સંસ્કાર બન્ને મળશે.
- છાત્રાલયના નિયમોનું પાલન વાલીઓએ પણ કરવાનું હોય છે. જેથી જે નિયમો છાત્રાલયના હોય તેને અનુસરો અને સહકાર આપો.
- છાત્રાલયમાં જે વાલી તરીકે મળવાના સમયે મળવા આવે ત્યારે નિયમોને આધિન રહી મુલાકાત રૂમમાં જ પરવાનગી લઈને મળો સિધ્ધા કોઈ પણ રૂમમાં પ્રવેશ ન કરવો, વિગેરે જે નિયમો છે તેનું ખાસ ધ્યાન રાખો અને કર્મચારીશ્રીઓનું અથવા અધિકૃત વ્યક્તિશ્રીઓનું સન્માન જાળવો.
- સંસ્કાર આપણાથી જ મળે છે સારું જોઈતું હોય તો સારું જ વર્તન કરીએ. દિકરા-દિકરીઓ અને વાલીઓ ઉપરના સૂચનો પ્રમાણે સાવધાની રાખશો તો સારા પરિણામ આવશે.
- સામાજિક પ્રવૃતિ કરતા સંગઠનોના કાર્યકર્તાઓ પણ સમાજના દિકરા-દિકરીઓ માટે તકેદારી રાખે કોઈ જગ્યાએ ધુમાડો દેખાય તો આગ પકડે તે પહેલાં જ પાણી છાંટવું એ ડહાપણનું કામ છે, જેથી સમાજની આબરૂ જળવાઈ રહે.



પ્રેમ હોય તો માનવ સુખ-સગવડ વીના પણ આનંદથી જીવી શકે છે.

:: સત્ય ઘટના ::

## માણસ અને સિંહની મિત્રતા

સૌરાષ્ટ્ર પ્રદેશમાં સતાધાર ગામની પાસે મોટી મૌણપરી નામનું ગામ છે. કેટલાંક વર્ષો પહેલાં તે ગામમાં માત્રાવાળા નામે એક ખેડૂત હતા. નદીનાં કાંઠે માત્રાવાળાની વાડી હતી. માત્રાવાળા દરરોજ વાડીમાં ઝાડની નીચે બેસીને નદીનું પાણી જોયા કરતાં હતાં.

એકવાર તેણે જોયું કે, એક સિંહ પોતાની પત્ની (સિંહણ) સાથે નદીનું પાણી પીવા માટે આવ્યો. નદીના પાણીમાં રહેલા મગરે સિંહણને મારી નાખી. સિંહે તેને બચાવવાનો પ્રયાસ કર્યો પણ તે તેમાં સફળ ન થયો. દુઃખી થયેલો સિંહ નદીના કિનારા પર બેસી રહ્યો. ચાર દિવસ પછી જ્યારે મગર નદીના કિનારા પાસે આવ્યો ત્યારે સિંહે ઝડપથી તેના પર હુમલો કર્યો તે બેની વચ્ચે ભયાનક લડાઈ થઈ અંતે સિંહે મગરને મારી નાખ્યો. પરંતુ તે પણ ઘાયલ થઈને ત્યાં જ પડી રહ્યો.

માત્રાવાળા દૂરથી આ બધું જોતા હતા. તે ઘાયલ સિંહની મદદ માટે ત્યાં આવ્યા. ઓસડિયા લાવીને તેણે સિંહની સારવાર કરી. કેટલાક દિવસ પછી સિંહ સાજો થઈ ગયો અને તેનો મિત્ર બની ગયો. ત્યારબાદ તેજ સિંહ દરરોજ માત્રાવાળાના ઘરમાં તેની પાસે રહેવા લાગ્યો. તે માત્રાવાળા સાથે બધે જ ફરતો હતો. અને તેના ઘર અને ખેતરનું રખોપું કરતો હતો. માણસ અને સિંહની આ અજોડ દોસ્તી કેટલાંક વર્ષો સુધી ચાલી. માત્રાવાળાના અવસાન વખતે દુઃખી થયેલો સિંહ સ્મશાનમાં પણ ગયો હતો. સ્મશાનથી જ તે જંગલમાં જતો રહ્યો ત્યારબાદ કોઈપણ માણસે તે સિંહને જોયો નહિ.

આજે પણ લોકો આ સત્ય ઘટનાને ભૂલી શકતા નથી.

**સંકલન :** આપનો આભારી ટી.કે. દેવમુરારી (સામાન્ય પેન્શનર)

## "રામભક્ત" ની સાથે

ઓ વિશ્વપતિ શ્રીરામ તમારા વિશ્વાસે મારો ચાલે છે વ્યવહાર
રહેજો ના દુર વિશ્વપતિ
મારી આ ઉંમરે આવે છે બહુ આટીઘુંટી તેનો તમે નીવેડો લાવો છો,
મારે રામભક્તની કથાથી, રામજીની ભક્તિ કરવી છે.
ઓ વિશ્વપતિ શ્રીરામ તમારા વિશ્વાસે
મારી આ ઉંમરે મારો વહેવાર ચાલે છે.
પ્રભુ તમે રહેજો ના દૂર વિશ્વપતિ શ્રીરામ
જ્યાં જ્યાં મારી ભુલ થાય ત્યાં તમે મને સમજાવો છો
આ ભુલ ભરેલા ભવસાગરમાં મારે તમારો છે આધાર
રામ રહેશોના દૂર ઓ વિશ્વપતિ
મારે પળપળ તમારું કામ પડે મને વારેવારે
મારી ભુલ નડે તમ વિણ વાલા મારી વહારે કોણ ચડે

ઓ દિન દુઃખીયાના દિનબન્ધુ
રામજી મારે ફક્ત એકજ તમારો આધાર છે.
રહીશ ના **"રામભક્ત"** થી દૂર ઓરામ વિશ્વપતિ
ઓ દિન દુઃખીયાના દિનબંધુ ફક્ત તમારો છે આધાર
આ ઉંમરે મારો વહિવટ તમો સંભાળી લ્યો
મને મારા શરીરમાં થતા અન્ય દુઃખો
નિજ જન જાણી પાળી લ્યો રામ
હું **"રામભક્ત"** થકી રામની કથા થકી
તમારી સંગાથે કાયમ ૨૪ કલાક
તમારૂ કિર્તન રટણ કરવા હંમેશ તત્પર રહીશ રામ
ઓ વિશ્વપતિ શ્રીરામ તમારા વિશ્વાસે
મારો હાલે ચાલે છે વહેવાર પ્રભુ

(બોલીએ અયોધ્યાપતિ) -શ્રીરામ લલ્લાકી જય

લેખન રજુઆત - અગ્રાવત ગોકુલદાસ જીવરામદાસજી
ગામ - નારી, જી.ભાવનગર

રૂા. ૨૦૦/- પ.નં.૭૧૬૩ થી જમા મળેલ છે.


રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...
જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, **રામભક્ત**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા
**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20218
**સંસ્થાને દાન આપનાર દાતાને 80-G મુજબ કરમુક્તી મળશે.**

# વિજ્ઞપ્તિ

શ્રી માનનીય વહાલા જ્ઞાતિ બંધુઓ રામભક્ત આજીવન ગ્રાહકો જયસિયારામ...

સહર્ષ જણાવતાં ખુશી થાય છે કે આપણા સમાજના રાજ્ય મંડળ દ્વારા સંચાલીત પહેલાનું ''રામદૂત'' અને હાલનું ''રામભકત'' મુખપત્ર ઘણા વર્ષોથી પ્રસિધ્ધ થાય છે, તેમજ સમાજના બીજા ઘણા મુખપત્રો પણ પ્રસિધ્ધ થાય છે. રામાનંદી સમાજનું કોઈપણ મુખપત્ર છેવાડાના જ્ઞાતિબંધુ સુધી પહોંચવું જોઈએ. આ મુખપત્ર થી સમાજની તમામ પ્રવૃતિઓની નાનામાં નાના માણસને જાણકારી મળવી/ મેળવવી જોઈએ આ આપણી પ્રાથમિક ફરજ છે. અને રામાનંદી સમાજનું ગૌરવ હોવુ જોઈએ કોઈપણ મંડળ/સંસ્થાના મુખપત્રો માત્ર ને માત્ર સમાજ ને જાણકારી તેમજ સમાજ ને એકજુથ અને એક્તા ના ઉમદા હેતુ માટે જ મુખપત્રો નો ફેલાવો કરે છે નહિ કે પૈસા મેળવવા માટે.

હાલના સમય/સંજોગ પ્રમાણે સમાજની એકતા સંગઠીતા હશે તો સમાજ પ્રગતિ કરી શકશે અને આવાં મુખપત્ર થી આપણા સમાજને અરસ-પરસ કુટુંબ-પરિવાર ને મદદરૂપ થઈ શકીએ રાજ્ય, જીલ્લા, તાલુકા લેવલે સમાજના કાર્યો, તેજસ્વી તારલાઓની મુખપત્રથી માહિતી મળી શકે.તમામ જ્ઞાતિબંધુને નમ્ર નિવેદન કે આપણા ઘરે રામભકત આવતું ન હોય તો આજે જ ''રામભકત''નું વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/- અથવા મુદતિ લવાજમ રૂા. ૨૫૦૦ (૧૦ વર્ષ માટે) ભરી સમાજને ઉપયોગી થઈ ઋણ ચુકવવાની ફરજ અદા કરીએ.

સર્વે જ્ઞાતિ હિત ચિંતક ને નમ્ર અપિલ કે આપણા ઘરે **''રામભકત''** આવતું હોય તો આપના સગા-સબંધી સ્નેહી ના ઘરે પણ રામભકત આવવું જાઈએ અને તેમના લવાજમ ભરાવવા પણ પ્રયત્ન કરવા વિનંતી છે. અમોને આશા છે કે આ ભગીરથ કાર્યમાં સૌ જ્ઞાતિ જનો સાથ-સહકાર આપી સમાજને આભારી થશો તેવી વિનંતી...

## '' રામભકત મુખપત્ર - આજીવન યોજના - એપ્રિલ/૨૫ થી બંધ.''

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું મુખ પત્ર પ્રથમ હતુ ''રામદુત'' ત્યાર બાદ ''રામભક્ત'' મુખપત્ર દર માસે પ્રસિદ્ધ થાય છે. **મંડળની કારોબારી મીટીંગ ૨૧-૦૪-૨૦૨૪ ના રોજ યોજાયેલ જેમાં એજન્ડા નં.-૪ ના ઠરાવ મુજબ.** રામદુત તા. ૧-૦૪-૧૯૭૯થી શરૂ થયેલ. જેમાં આજીવન લવાજમ રૂ/-૧૦૦ તથા રૂ/-૧૫૧, રૂ/-૪૦૦, રૂ/-૬૦૦ તથા રૂ/-૧૦૦૦ એમ ગ્રાહકો બનેલ. તમામ ગ્રાહકોને ૪૦ વર્ષથી રામભકત મોકલવામાં આવે છે. વચ્ચે રૂ/-૨૫૦ મુજબ સહાયક ફંડ પણ લીધેલ પરંતુ ૨૦% ગ્રાહકોજ સહાયક ફંડ આપેલ જેના કારણે છેલ્લા ૨૦૧૪ થી ફરી પાછા ૧૧વર્ષ વધુ સને. ૨૦૨૫ સુધી આ યોજનાના ગ્રાહકોને રામભકત મોકલીશું.

આજીવન યોજના ૨૦૧૪ થી જ બંધ કરી મુદતી(૧૦ વર્ષ) યોજના શરૂ કરેલ છે. જેનું લવાજમ. રૂ/-૨૫૦૦ (દસ વર્ષ માટે છે.) પરંતુ આપણા આજીવન ગ્રાહકોને રૂ/-૫૦૦નું ડિસ્કાઉન્ટ આપી રૂ/-૨૦૦૦માં મુદતી લવાજમ સ્વીકારવામાં આવશે.

તો તમામ આજીવન ગ્રાહકોએ રૂ/-૨૦૦૦ ભરીને મુદતી લવાજમ ભરી આપવા વિનંતી. ૪૦ વર્ષ ઉપરાંત જુના ગ્રાહકોને આ યોજનાનો લાભ આપેલ છે. પરંતુ મોંઘવારીનાં ભારણને પહોંચી શકાય તેમ નાં હોય તો સહકાર આપવા વિનંતી.

''આજીવન ગ્રાહક માંથી મુદતી યોજનામાં જોડાવ...'' રૂા.૫૦૦ ના લાભ સાથે લવાજમ રૂા. ૨૦૦૦ ભરી આપશો.

**લી. શ્રી ગુજરાત રામનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સા.કુંડલા**

### રામભક્ત ના જુના આજીવન ગ્રાહકોએ મુદતિ લવાજમ ભર્યાની યાદી

| નં. | નામ | ગામ | જુનો આજીવન ગ્રાહક નં. | લવાજમ રકમ | પ.નં. |
|---|---|---|---|---|---|
| (૧) | કૃષ્ણકુમાર દયારામભાઈ નૈનુજી | વડોદરા | ૧૦૩૨ | રૂા. ૨૦૦૦/- | ૬૯૪૯ |
| (૨) | ગોકુલદાસ જીવરામદાસ અગ્રાવત | નારી | ૮૭૬ | રૂા. ૨૦૦૦/- | ૭૦૮૬ |
| (૩) | ગોપાલદાસ મંગળદાસ અગ્રાવત | નારી | ૬૦૨ | રૂા. ૨૦૦૦/- | ૭૦૮૪ |
| (૪) | વિનુભાઈ વી. અગ્રાવત | વાંકાનેર | ૧૬૫૯ | રૂા. ૨૦૦૦/- | ૭૦૯૭ |
| (૬) | અમરદાસ મંગળદાસ વૈષ્ણવ | પોરબંદર | ૨૧૪૫ | રૂા. ૨૦૦૦/- | બેંકમાં જમા |
| (૭) | હરિભાઈ એન. દેવમુરારી | રાજકોટ | ૬૨૮ | રૂા. ૨૦૦૦/- | ૭૧૧૬ |
| (૮) | મુકેશભાઈ રામરતનદાસ ટીલાવત | સાવરકુંડલા | ૨૧૪૭ | રૂા. ૨૦૦૦/- | ૭૧૫૯ |
| (૯) | અરૂણભાઈ દ્વારકાદાસ દેવમુરારી | સાવરકુંડલા | ૫૬૮ | રૂા. ૨૦૦૦/- | ૭૧૬૦ |
| (૧૦) | ઘનશ્યામદાસબાપુ (રાઘવ) | સાવરકુંડલા | ૨૭ | રૂા. ૨૦૦૦/- | ૭૧૬૪ |
| (૧૧) | અશોકભાઈ જે. રામાનુજ | સુરત | ૨૯ | રૂા. ૨૦૦૦/- | ૭૧૬૫ |
| (૧૨) | ભરતભાઈ કેશવદાસજી દેવમુરારી | ઢસા | ૪૩૮ | રૂા. ૨૦૦૦/- | ૭૧૬૭ |
| (૧૩) | ભરતભાઈ જે. નિમાવત | વિસાવદર | ૨૫૪૮ | રૂા. ૨૦૦૦/- | ૭૧૪૦ |
| (૧૪) | ડૉ.સુભાષભાઈ ડી. અગ્રાવત | અમદાવાદ | ૮૨ | રૂા. ૨૦૦૦/- | ૭૨૫૩ |
| (૧૫) | ડૉ.અશ્વીનભાઈ વી. રામાનુજ | પાલીતાણા | ૨૪૫ | રૂા. ૨૦૦૦/- | ૭૨૫૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૬) | ડૉ.અનિલભાઈ ડી. રામાનુજ | અમરેલી | ૧૬૨૩ | રૂા. ૨૦૦૦/- | ૭૨૫૬ |
| (૧૭) | હર્ષદભાઈ ટી. લશ્કરી | કેશોદ | ૨૫૪૩ | રૂા. ૨૦૦૦/- | ૭૨૫૭ |
| (૧૮) | રાજુભાઈ એ. વૈષ્ણવ | અમદાવાદ | ૨૯૩૪ | રૂા. ૨૦૦૦/- | ૭૨૫૮ |
| (૧૯) | પ્રફુલ્લભાઈ ડી. રામાવત | બોપલ | ૧૯૫૨ | રૂા. ૨૦૦૦/- | ૭૨૫૯ |
| (૨૦) | બળવંતરાય મનસુખલાલ નિમાવત | ભુરખીયા | ૨૬૭૬ | રૂા. ૨૦૦૦/- | ૭૧૭૪ |
| (૨૧) | ધીરજલાલ મંછારામજી દેવમુરારી | નાના મુજીયાસર | ૨૬૦૧ | રૂા. ૨૦૦૦/- | ૭૧૭૬ |
| (૨૨) | ડૉ.મનુભાઈ એલ. કુબાવત | સાણંદ | ૧૯૬ | રૂા. ૨૦૦૦/- | ૭૧૮૦ |
| (૨૩) | પ્રવિણચંદ્રભાઈ પી. કુબાવત | કુતિયાણા | ૨૬૦૯ | રૂા. ૨૦૦૦/- | ૭૧૮૩ |
| (૨૪) | ધીરજલાલ મોતીરામ દેવમુરારી | જામવાળા ગીર | ૨૬૩૧ | રૂા. ૨૦૦૦/- | ૭૨૬૮ |
| (૨૫) | વિનોદરાય દયારામ કુબાવત | રાજકોટ | ૧૫૯૪ | રૂા. ૨૦૦૦/- | ૭૨૭૦ |
| (૨૬) | ત્રિભોવનદાસ વલ્લભદાસ દેવમુરારી | ભોગાત | ૨૫૦૩ | રૂા. ૨૦૦૦/- | ૭૨૭૩ |
| (૨૭) | મહંતશ્રી મુકુન્દબાપુ મણીરામજી દેવમુરારી | પાલીતાણા | ૧૦૮ | રૂા. ૨૦૦૦/- | ૭૨૭૪ |
| (૨૮) | પરશોત્મદાસ કે. દેવમુરારી | માલપરા | ૭૪૯ | રૂા. ૨૦૦૦/- | ૭૨૭૫ |
| (૨૯) | લાભુબેન એમ. દેવમુરારી | ભાવનગર | ૨૩૧ | રૂા. ૨૦૦૦/- | ૭૨૭૯ |
| (૩૦) | ડૉ.પિયુષભાઈ કુબાવત સાહેબ | વેરાવળ | ૧૦૫૪ | રૂા. ૨૦૦૦/- | ૭૨૮૦ |
| (૩૧) | ઘનશ્યામદાસ જી. ટીલાવત | રાજકોટ | ૧૮૯૩ | રૂા. ૨૦૦૦/- | ૭૨૮૧ |
| (૩૨) | કાર્તિકેયકુમાર અરવિંદભાઈ અગ્રાવત | નાના માંડવા | ૨૯૧૫ | રૂા. ૨૦૦૦/- | ૭૨૮૩ |
| (૩૩) | વિશ્વજીત મંગળદાસ રામાનુંજ | સુરેન્દ્રનગર | ૨૦૮૨ | રૂા. ૨૦૦૦/- | ૭૨૮૪ |
| (૩૪) | દિનેશભાઈ મોહનદાસ અગ્રાવત | અલીયાબાડા | ૧૯૫૧ | રૂા. ૨૦૦૦/- | ૭૨૮૬ |
| (૩૫) | ઈશ્વરભાઈ વી. લશ્કરી | ભાવનગર | ૨૦ | રૂા. ૨૦૦૦/- | ૭૩૦૨ |
| (૩૬) | આર કે. નિમાવત | રાજકોટ | ૨૩૦૩ | રૂા. ૨૦૦૦/- | ૭૩૦૩ |
| (૩૭) | આનંદભાઈ વ્રજલાલ ટીલાવત | જામનગર | ૪૧૧ | રૂા. ૨૦૦૦/- | ૭૩૦૪ |
| (૩૮) | નાનાલાલ છગનલાલ નિમાવત | માધવપુર ઘેડ | ૧૯૩૬ | રૂા. ૨૦૦૦/- | ૭૧૮૪ |

## વિદ્યાર્થીઓ માટેની ખાસ સુચના

- જાણી જોઈને મુસીબતમાં ન ફસાવું હોય તો ગૌરવ જળવાઈ તેવા વસ્ત્રો પરિધાન કરો. શરીરનાં અંગો વધારે ઉઘાડા રાખશો તો વિકૃત વ્યક્તિ આકર્ષાયા વિના રહેશે નહિ.
- અજાણી કે જાણીતી વ્યક્તિ તમારી સાથે બોલવામાં કે વ્યવહારમાં વધારે છુટ લે તો સાવધ બનો.
- રસ્તામાં એકલા જતા હો ત્યારે કોઈપણ અપરિચિત વ્યક્તિ પૂછે તો સભ્ય વર્તન કરો પણ ભાવુક બની વધારે વાત ન કરો.
- શાળા-કોલેજ કે ટ્યુશન ક્લાસ દ્વારા યોજાતા પ્રવાસ કે પાર્ટીમાં જાવ ત્યારે સમૂહમાં સાથે રહો.
- જે રસ્તો ખૂબ ઓછી અવર-જવર વાળો હોય તે રસ્તે જવું નહીં.
- બસ - ટ્રેઈનમાં એકલં મુસાફરી કરતાં હો ત્યારે સાવધાની રાખો. ઠંડા પીણા કે બિસ્કીટ, નાસ્તાની ઓફર ક્યારેય અજાણી વ્યક્તિની સ્વીકારવી નહીં.
- જેને પણ બહેનપણી બનાવો તેના માટેની સંપૂર્ણ વિગત જાણો. તેની માનસિક્તાને સમજો તેની વાતોમાં વિકૃત કે દ્વિઅર્થી સંવાદો નથી આવતાને ?
